અરજંન્ટ /ટોપ પ્રાયોરીટી

કમાંક: ૪૯/મકમ/મ-૯/૨૦૨૦/
બ્લોક નં.- ૯/૧, કમિશનરશ્રી શાળાઓની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુ.રા., ગાંધીનગર.
તા. /૦૧ /૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

વિષય: રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ખાલી જગ્યાઓની વિગતો મોકલવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ખાલી જગ્યાઓ પર ભરતી કરવા માટે આ કચેરીના તા. ૩૦/૦૯/૨૦૧૯ ના પરિપત્ર અન્વયે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની તા. ૩૧/૧૦/૨૦૧૯ ની સ્થિતીએ ખાલી જગ્યાઓની વિષયવાર, કેટેગરીવાઇઝ (મહિલા અને દિવ્યાંગ સહિત) અને શાળાવાર વિગતો નિયત પત્રકમાં અત્રે મોકલી આપેલ હતી.

રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ખાલી જગ્યાઓ પર ભરતી કરતાં પહેલાં જિલ્લા કક્ષાએ આંતરિક તથા રાજ્ય કક્ષાએ જિલ્લા ફેર બદલી કેમ્પનું આયોજન કરવામાં આવેલ. પરિણામે અગાઉ મોકલી આપેલ ખાલી જગ્યાઓમાં ફેરફાર થાય તે સ્વાભાવિક છે. આ સાથે રાજ્ય કક્ષાના કેમ્પ માટે જિલ્લા કક્ષાએથી મોકલી આપેલ ખાલી જગ્યાઓની યાદીમાં કેમ્પ બાદની ખાલી જગ્યાની સ્થિતી દર્શાવતી યાદી સામેલ રાખેલ છે.સદર યાદીની ઉપરોક્ત બન્ને કેમ્પને કારણે આપના જિલ્લામાંથી અન્ય જિલ્લામાં જિલ્લા ફેરબદલીથી ગયેલ તથા અન્ય જિલ્લામાંથી આપના જિલ્લામાં આવેલ મદદનિશ શિક્ષક /શિક્ષણ સહાયક ના હુકમ સાથે ચકાસણી કરી ખરેખર ખાલી જગ્યાની વિષયવાર, કેટેગરીવાઇઝ અને શાળાવાર વિગતો અગાઉ મોકલી આપેલ નિયત પત્રકમાં ભરતી માટે તૈયાર કરવાની રહેશે.

ખાસ કિસ્સાને કારણે ખાલી પડેલ, વર્ગ વધારાના કારણે મંજુર થયેલ ,મદદનિશ શિક્ષણ નિરીક્ષકની ફેર બદલી કે અન્ય કારણોસર ખાલી પડેલ જગ્યાઓ આજરોજની અધતન સ્થિતીએ નિયત કરવાની રહેશે.

અત્રેની કચેરી દ્વારા મોકલવામાં આવેલી ખાલી જગ્યાઓ ખરેખર ખાલી છે કે કેમ? તે બરાબર ચકાસી લેવાની રહેશે. આ સાથે મોકલવામાં આવેલ ૧ થી ૩ પત્રકો પ્રમાણે તમામ માહિતી અધતન સ્થિતીએ સોફ્ટ કોપી તથા હાર્ડ કોપીમાં તા. ૨૦/૦૧/૨૦૨૦ ના રોજ ૧૧-૦૦ કલાકે કોન્ફરન્સ રૂમ ,એસ.ટી.ટી ઇ. સેકટર-૧૨ ગાંધીનગર ખાતે સરકારી શિક્ષકોનું મહેકમ સંભાળતા કર્મચારી તેમજ ભરતીની કામગીરી સંભાળતા નોડલ ઓફીસરશ્રીએ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના રોસ્ટર રજિસ્ટર લઇને ફરજિયાત હાજર રહેવાનું રહેશે .

બિડાણ : ઉપર મુજબ

મદદનીશ નિયામક
(મહેકમ)
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ:- સંયુક્ત શિક્ષણ નિયામક , માધ્યમિક શાખા સદર કચેરી

Scanned by CamScanner